BAMS-BHMS દંપતી સંચાલિત હોસ્પિટલમાં સારવાર સામે ગંભીર સવાલો

ગાયનેક વગરની હોસ્પિટલમાં સગર્ભાનું મોત

તબીબ નર્સને ફોન પર સૂચના આપતા હતા, બેદરકારીના આક્ષેપથી હોબાળો

બે વખત આ જ હોસ્પિટલમાં ડિલિવરી, ત્રીજી વખત સારવાર દરમિયાન કરુણ અંત

સુરતઃ ગોડાદરા વિસ્તારમાં આવેલી વાત્સલ્ય જનરલ હોસ્પિટલમાં 26 વર્ષીય સગર્ભા મહિલા અને તેના ગર્ભસ્થ નવ મહિનાના બાળકના મોતની ઘટના બની છે. મૃતકના પરિવારનો આક્ષેપ છે કે દર્દીની હાલત બગડતી હોવા છતાં જવાબદાર તબીબ રૂબરૂ હાજર રહ્યા નહોતા અને ફોન પર નર્સને દવા તથા ઈન્જેક્શન આપવાની સૂચના આપવામાં આવી હતી.

હોસ્પિટલનું સંચાલન ડૉ. અજય વિનુભાઈ ભુવા (BAMS) અને ડૉ. સંગીતાબેન અજયભાઈ ભુવા (BHMS) દ્વારા થતું હોવાનું સામે આવ્યું છે. બંને ગાયનેકોલોજિસ્ટ ન હોવા છતાં સગર્ભા મહિલાની સારવાર કરવામાં આવતી હતી હાલ ગોડાદરામાં રહેતા મૂળ બિહારના આરા જિલ્લાના વતની અને ફૂલહારની દુકાન ચલાવતા રાકેશ માલીની 26 વર્ષીય પત્ની રાનીદેવી નવ મહિનાની ગર્ભવતી હતી. 17 ઓગસ્ટની સાંજે આશરે 7 વાગ્યે રાનીદેવીને પ્રસૂતિ પીડા ઉપડતા તેને ત્યાં લઈ જવાઈ હતી ત્યાં તેને બોટલ ચડાવી તબિયતમાં રાહત હોવાનું કહી તેને રજા આપવામાં આવી હતી. જોકે તબીયત લથડતાં ફરી હોસ્પિટલમાં લવાઈ હતી.

અસહ્ય પીડા છતાં તબીબ ફોન પર? પરિવારના આક્ષેપથી સવાલો

પરિવારના સભ્યોનો આક્ષેપ છે કે રાનીદેવીને ગેસ અને અસહ્ય પીડાની ફરિયાદ હોવા છતાં તબીબ તાત્કાલિક રૂબરૂ તપાસ માટે આવ્યા નહોતા. નર્સને ફોન મારફતે ઈન્જેક્શન અને દવા આપવા સૂચના આપવામાં આવી હોવાનું પરિવારનું કહેવું છે. સવારે પરિવારજનોએ દર્દીને ખીચડી અને ચા આપી હતી. ત્યારબાદ નર્સ દ્વારા ઈન્જેક્શન આપવામાં આવ્યું હતું. થોડા જ સમય બાદ રાનીદેવીના મોઢામાંથી ફીણ નીકળવા લાગ્યું, તે બેડ પરથી નીચે પડી ગઈ અને બેભાન થઈ ગઈ હતી. ત્યારબાદ તબીબ આવ્યા અને તેને મૃત જાહેર કરી હતી.

અચાનક ઓક્સિજન લેવલ 40-45 સુધી ઘટ્યું : ડો.ભૂવા

હોસ્પિટલના ડો. અજય ભુવાએ પરિવારના તમામ આક્ષેપોને ફગાવી દીધા છે. તેમના જણાવ્યા પ્રમાણે શરૂઆતની સારવાર અને બોટલ બાદ દર્દીને રાહત થઈ હતી. બ્લડ રિપોર્ટમાં ઈન્ફેક્શન હોવાનું સામે આવ્યું હતું અને દર્દીને સતત ખાંસી હોવાથી નેબ્યુલાઇઝર શરૂ કરવામાં આવ્યું હતું. સવારે પણ ખાંસી ચાલુ રહેતાં ઓનકોલ સૂચના મુજબ પેરામેડિકલ સ્ટાફે હાઈડ્રોકોર્ટ ઈન્જેક્શન અને બાફ આપ્યો હતો.

પ્રાથમિક તપાસમાં બ્લડ પ્રેશર અને ખેંચની શક્યતા

નવી સિવિલ હોસ્પિટલના ફોરેન્સિક વિભાગના વડા ડો. ચંદ્રેશ ટેલરના જણાવ્યા પ્રમાણે પ્રાથમિક તપાસમાં મહિલાને બ્લડ પ્રેશરની સમસ્યા હોવાનું સામે આવ્યું છે. તેના કારણે ખેંચ આવી હોવાની અને ત્યારબાદ મોત થયું હોવાની પ્રાથમિક શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. જો કે, વિસેરા આવ્યા પછી જ સાચુ ચિત્ર સ્પષ્ટ થશે.

પીએમ માટે પણ સ્મીમેર સિવિલનો વિવાદ

મહિલાના મોત બાદ પોસ્ટમોર્ટમને લઈને પણ વિવાદ સર્જાયો હતો. પોલીસ દ્વારા શરૂઆતમાં સ્મીમેર હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જોકે પરિવારજનોએ નવી સિવિલ હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમ કરવાની માંગ કરી હોબાળો કર્યો હતો. ગોડાદરા પોલીસ ઇન્સ્પેક્ટર વી.બી. ગોહિલના જણાવ્યા મુજબ વિસ્તાર મુજબ પોસ્ટમોર્ટમની કાર્યવાહી સ્મીમેરમાં થતી હોવાથી ત્યાં પ્રક્રિયા માટે કહેવામાં આવ્યું હતું. પરિવારજનોએ વાંધો ઉઠાવ્યા બાદ નવી સિવિલના તબીબોને રજૂઆત કરી ત્યાં પોસ્ટમોર્ટમ કરાવવામાં આવ્યું હતું. પોલીસે સ્પષ્ટ કર્યું છે કે પોસ્ટમોર્ટમ રિપોર્ટ આવ્યા બાદ જ આગળની તપાસમાં મૃત્યુનું ચોક્કસ કારણ અને સંભવિત જવાબદારી અંગે કાર્યવાહી થઈ શકશે.

રાજા કુરુએ તપસ્યા કરી અને બન્યું 5000 વર્ષ જૂનું કુરુક્ષેત્ર મહાદેવ મંદિર

શ્રાવણમાં મહાદેવનો મહિમા

તાપી નદીના કિનારે આવેલું જહાંગીરપુરા ખાતેનું શ્રી કુરુરાજ રાજેશ્વર મહાદેવ (કુરુક્ષેત્ર મહાદેવ) મંદિર પૌરાણિક આસ્થા અને મહાભારત સાથે જોડાયેલી ધાર્મિક પરંપરાનું પ્રતિક માનવામાં આવે છે. માન્યતા મુજબ રાજા કુરુએ અહીં મહાદેવની તપસ્યા કરતાં પ્રસન્ન થઈ ભગવાન શિવ શિવલિંગ સ્વરૂપે પ્રગટ થયા હતા. મંદિરને ૫૦૦૦ વર્ષથી વધુ પ્રાચીન માનવામાં આવે છે. પાંડવોના અજ્ઞાતવાસ સાથે જોડાયેલી ગુફા, પાંચ પાંડવોની ડેરી અને પાંચ શિવલિંગ અહીં વિશેષ આકર્ષણ છે. તાપી સ્નાનનું અહીં વિશેષ ધાર્મિક મહાત્મ્ય હોવાનું માનવામાં આવે છે. શ્રાવણ અને મહાશિવરાત્રી દરમિયાન હજારો ભક્તો દર્શનાર્થે ઉમટે છે.

રખડતા શ્વાને સિક્યુરિટી ગાર્ડની આંગળીનો હિસ્સો કરડી ખાધો

પુણામાં સોસાયટીના ગેટ પાસે ફરજ બજાવતા ગાર્ડ પર અચાનક હુમલો

લોહીલુહાણ હાલતમાં હોસ્પિટલ ખસેડાયા, સમગ્ર ઘટના CCTVમાં કેદ

સુરતઃ શહેરમાં રખડતા શ્વાનોનો ત્રાસ દિનપ્રતિદિન વધી રહ્યો છે. એક તરફ ભટાર વિસ્તારમાં બે બાળક પર શ્વાનોએ હુમલો કર્યાની ઘટના સામે આવી છે, ત્યારે હવે પુણા વિસ્તારમાંથી વધુ એક ચોંકાવનારી ઘટના સામે આવી છે.

પુણાની રાજ રેસિડેન્સીમાં ફરજ બજાવતા સિક્યુરિટી ગાર્ડ પર મોડી રાત્રે એક હિંસક શ્વાને અચાનક હુમલો કર્યો હતો. શ્વાને ગાર્ડની આંગળી પર એટલું ગંભીર બચકું ભર્યું હતું કે આંગળીનો હિસ્સો જ કરડી ખાધો હતો.

મળતી માહિતી મુજબ, રાજ રેસિડેન્સીમાં જયપ્રકાશ વાસુદેવ શાહુ સિક્યુરિટી ગાર્ડ તરીકે ફરજ બજાવે છે. બે દિવસ અગાઉ રાત્રિના સમયે તેઓ સોસાયટીના ગેટ પાસે ફરજ પર હાજર હતા. દરમિયાન મોડી રાત્રે એક શ્વાન અચાનક સોસાયટી પરિસરમાં ઘૂસી આવ્યો હતો અને જયપ્રકાશભાઈ પર હુમલો કરી દીધો હતો. ગાર્ડ કંઈ સમજે કે પોતાનો બચાવ કરે તે પહેલાં જ શ્વાને તેમના હાથ પર હુમલો કરી આંગળીમાં ગંભીર બચકું ભર્યું હતું. હુમલો એટલો હિંસક હતો કે આંગળીનો એક હિસ્સો શ્વાન કરડી ખાઈ ગયો હતો. ઘટનાને પગલે ગાર્ડ લોહીલુહાણ થઈ ગયા હતા અને તેમની બૂમાબૂમ સાંભળીને સોસાયટીના રહીશો તાત્કાલિક દોડી આવ્યાં હતાં.

સમગ્ર હુમલાની ઘટના સોસાયટી પરિસરમાં લાગેલા CCTV કેમેરામાં કેદ થઈ ગઈ છે. ફૂટેજમાં શ્વાન અચાનક ગાર્ડ તરફ ધસી આવતો અને તેમના પર હુમલો કરતો જોવા મળે છે.

CCTV ફૂટેજ સામે આવ્યા બાદ સોસાયટીના રહીશોમાં પણ ભયનો માહોલ સર્જાયો છે. હુમલા બાદ જયપ્રકાશભાઈને તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યાં હતાં.

ધામેલિયા બ્રધર્સમાં 12 વર્ષ જૂની મજૂરીએ જ કામ કરાવાતાં હડતાળ

કાપોદ્રામાં ધામેલિયા બ્રધર્સના 400થી 500 રત્નકલાકારો દ્વારા દેખાવો કરાયા

સુરતઃ સુરતના કાપોદ્રા વિસ્તારમાં કર્મનાથ મહાદેવ મંદિર પાસે આવેલી ડાયમંડ કંપની ધામેલિયા બ્રધર્સમાં કામ કરતા રત્નકલાકારો આજે મજૂરીના દરમાં વધારો કરવાની માંગ સાથે હડતાળ પર ઉતરી આવ્યા હતા. રત્નકલાકારોએ કંપની બહાર એકત્ર થઈ દેખાવો કરી મજૂરીના દરમાં વધારો કરવાની માંગ ઉઠાવી હતી.

હડતાળમાં જોડાયેલા રત્નકલાકાર મુકેશ ગોહેલે પત્રકારોને જણાવ્યું હતું કે, “છેલ્લા 12 વર્ષથી કામના જૂના ભાવે મજૂરી કરાવવામાં આવે છે. આટલી મોંઘવારીમાં બાળકોની ફી ભરવી અને ઘરનું ગુજરાન ચલાવવું મુશ્કેલ બની ગયું છે. હીરાની મજૂરીના દરમાં વધારો કરવાની માંગ કરી છે, પરંતુ શેઠ દ્વારા આ માંગ સ્વીકારવામાં આવતી નથી.”

તેમણે વધુમાં જણાવ્યું હતું કે ધામેલિયા બ્રધર્સમાં બે શિફ્ટમાં અંદાજે 400થી 500 રત્નકલાકારો કામ કરે છે. રત્નકલાકારોએ મજૂરીના દરમાં વધારો કરવાની રજૂઆત કરી ત્યારે કંપની તરફથી “પોસાય તો કામ કરો, ન પોસાય તો બીજી કંપનીમાં શિફ્ટ થઈ જાઓ” તેવો જવાબ મળ્યો હોવાનો પણ આક્ષેપ કરવામાં આવ્યો હતો.

યુદ્ધ વખતે 40 ટકા સુધી દર ઘટાડાયા હતા: યુનિયન

ડાયમંડ વર્કર યુનિયન ગુજરાતના ઉપપ્રમુખ ભાવેશ ટાંકે જણાવ્યું હતું કે, સુરતની અનેક ડાયમંડ કંપનીઓમાં અમેરિકા-ઇઝરાયલ અને ઈરાન વચ્ચેના યુદ્ધના કારણે હીરા ઉદ્યોગમાં મંદી આવી ત્યારે રત્નકલાકારોના મજૂરીના દરમાં 25થી 40 ટકા સુધીનો ઘટાડો કરવામાં આવ્યો હતો.

સંક્ષિપ્ત સમાચાર

પ્રભુભક્તિમાં પાગલ થાવ તો સમજવું કે સાચા ભક્ત બન્યા છો: પદ્મદર્શનસૂરિજી

ભીવંડીઃ શ્રી ગોકુળનગર નજરાણા જૈન સંઘ ભીવંડીના આરાધના ભવનમાં જૈનાચાર્ય પદ્મદર્શનસૂરિજી મહારાજ, આદિ શ્રમણ-શ્રમણી વૃંદની પાવન નિશ્રામાં સિંહગર્જનાના સ્વામી યુગપ્રધાન આચાર્ય સમ પંન્યાસપ્રવર પૂ. ચન્દ્રશેખરવિજયજી મહારાજાની 15મી પુણ્યતિથિ નિમિત્તે ગુરુગુણોત્સવ સ્વરૂપ ત્રિદિવસીય મહોત્સવનો પ્રારંભ થયો છે. આજના પ્રથમ દિવસે પ્રભુમિલનનો અપૂર્વ કાર્યક્રમ સંગીત અને સંવેદના સાથે યોજાયો હતો. પાર્શ્વનાથ પ્રભુના નિર્વાણ કલ્યાણક નિમિત્તે 500 કિલોનો નિર્વાણ મોદક પ્રભુને અર્પણ કરવામાં આવ્યો હતો. આ પાવન અવસરે આચાર્યપ્રવર પદ્મદર્શનસૂરિજી મહારાજે જણાવ્યું હતું કે, પ્રભુની સાથે પ્રીત બાંધનાર વ્યક્તિ જીવનનાં સર્વ સંગ્રામોમાં જીત મેળવે છે. તમને જ્યારે કોઇ પ્રભુભક્તિમાં પાગલ કહે તો સમજવું કે તમે પ્રભુના સાચા અર્થમાં ભક્ત બન્યા છો.

સુરત ક્ષત્રિય (ખત્રી) સમાજની કલબો દ્વારા સ્વતંત્રતા દિવસની ઉજવણી

સુરતઃ શ્રી સુરત ક્ષત્રિય (ખત્રી) સમાજની ન્યુ રિક્રિએશન અને SKY રિક્રિએશન કલબ દ્વારા સિંગાપુરીની વાડી ખાતે 15મી ઓગસ્ટ સ્વતંત્રતા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમમાં બંને કલબના 1500થી વધુ સભ્યો ઉત્સાહભેર જોડાયા હતા. ન્યુ રિક્રિએશન કલબના પ્રમુખ ભરત વાણાવાળા અને SKY રિક્રિએશન કલબના પ્રમુખ આશિષ રંગુનવાળાના હસ્તે કાર્યક્રમ યોજાયો હતો. બંને પ્રમુખોએ પ્રસંગોચિત પ્રવચન આપી સ્વતંત્રતા દિવસનું મહત્વ સમજાવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન અશોક ઘીવાલાએ કર્યું હતું અને દેશભક્તિની શાયરી રજૂ કરી ઉપસ્થિતોમાં રાષ્ટ્રભાવનાનો સંચાર કર્યો હતો.

વંદન કાર્યક્રમમાં 2000થી વધુએ માતા-પિતાને વંદન કરી આશીર્વાદ લીધાં

સુરતઃ માતા-પિતા પ્રત્યે સન્માન, કૃતજ્ઞતા અને ભારતીય સંસ્કારોને વધુ મજબૂત બનાવવાના ઉદ્દેશ્યથી પ્રોગ્રેસ એલાયન્સ દ્વારા વંદન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં 2,000થી વધુ લોકોએ પોતાના માતા-પિતાનું વંદન કરી તેમના આશીર્વાદ લીધા હતા. લોકો દ્વારા માતા-પિતાના ચરણ સ્પર્શ કરી સન્માન કરાયું હતું અને તેમના પ્રત્યે પોતાની કૃતજ્ઞતા વ્યક્ત કરાઈ હતી. કાર્યક્રમમાં માતા-પિતા અને સંતાનો વચ્ચેના પ્રેમ, સન્માન અને આશીર્વાદની અનેક ભાવનાત્મક ક્ષણો જોવા મળી હતી.

25 એક અંકીય સરવાળાના દાખલા સૌથી ઝડપી ઉકેલી સુરતના જૈવલ સોહલેનો રેકોર્ડ

સુરતઃ નાની ઉંમરે જ અસાધારણ ગણિતીય પ્રતિભાનું પ્રદર્શન કરનાર જૈવલ વિપિન સોહલે 5થી 7 વર્ષની વય જૂથ માટે યોજાયેલા રેકોર્ડમાં ત્રણ હરોળમાં આપવામાં આવેલા 25 એક-અંકીય સરવાળાના દાખલાઓને સૌથી ઝડપી સમયમાં ઉકેલી વર્લ્ડ વાઇડ બુક ઓફ રેકોર્ડ્સમાં સ્થાન મેળવીને વિશિષ્ટ સિદ્ધિ હાંસલ કરી છે. અગાઉ માત્ર ચાર વર્ષની નાની વયે જ જૈવલે 1 મિનિટ 34 સેકન્ડના સમયગાળામાં વિશ્વના 50 દેશના ધ્વજ ઓળખી બતાવ્યા હતા. આ અદભૂત ક્ષમતા બદલ તેને તે સમયે પણ વર્લ્ડ વાઇડ બૂક ઓફ રેકોર્ડ્સ તરફથી એવોર્ડ એનાયત કરાયો હતો. જીડી ગોયેંકા ઈન્ટરનેશનલ સ્કૂલમાં અભ્યાસ કરતો જૈવલ જાણીતા ઉદ્યોગપતિ બી.એસ. અગ્રવાલનો દોહિત્ર છે. તેની માતાનું નામ જુહી છે.

શ્રી સુરત ક્ષત્રિય મહિલા મંડળ દ્વારા એક્ઝિબિશન કમ સેલ યોજાયું

સુરતઃ શ્રી સુરત ક્ષત્રિય મહિલા મંડળ ટ્રસ્ટનાં ઉપક્રમે તાઃ ૧૩ અને ૧૪ ઓગસ્ટ ૨૦૨૬ ને ગુરુવાર અને શુક્રવારનાં રોજ સીંગાપુરી વાડીના મહિલા ભવનમાં એક્ઝિબિશન કમ સેલનું આયોજન કરવામાં આવ્યું હતું. ઉદ્ઘાટન ટ્રસ્ટનાં પ્રમુખ રજનીકાંતભાઈ બચકાણીવાલાનાં હસ્તે કરાયું હતું. જેમાં મહિલા મંડળનાં પ્રમુખ આશાબેન કાપડિયા, ક્ષત્રિય યુવક મંડળના પ્રમુખ જનકભાઈ કાચીવાલા, ન્યુ રીક્રીએશન ક્લબના પ્રમુખ ભરતભાઈ વાણાવાલા ઉપસ્થિત રહ્યાં હતાં. મહિલા મંડળની હોદ્દેદાર બહેનો અને કમિટીની બહેનોનાં સહકારથી કાર્યક્રમ સફળ રહ્યો હતો. આ એક્ઝિબિશન કમ સેલની ઘણાં ભાઈ બહેનોએ મુલાકાત લીધી હતી.

સુરત RPF ચોકીમાં મૃત્યુ પામેલો યુવક નાઈજીરિયાનો હતો

નાઈજીરિયનનો ગુનાહિત ઈતિહાસ, મુંબઈમાં NDPS કેસ નોંધાયા હતા

વિદેશીના મોબાઈલને ડીકોડ કરવા મથામણ

સુરતઃ ગોલ્ડન ટેમ્પલ એક્સપ્રેસ ટ્રેનમાં મુસાફરો સાથે બોલાચાલી અને માથાકૂટ કર્યા બાદ સુરત રેલવે RPF ચોકીમાં મોતને ભેટેલા વિદેશી નાગરિકની તપાસમાં મૃતકની ઓળખ 32 વર્ષીય ચુક્વુ એમેકા ડેનિયલ અજાહ (મૂળ નાઈજીરિયા, હાલ મુંબઈ) તરીકે થઈ છે. સૌથી મહત્વની વાત એ છે કે, મૃતકનો ગુનાહિત ઈતિહાસ પણ સામે આવ્યો છે. પોલીસ રેકોર્ડ મુજબ, તે વર્ષ 2018 માં મુંબઈના માલવણી અને ખાર પોલીસ સ્ટેશનમાં NDPS (ડ્રગ્સ) ના કેસમાં પકડાયો હતો અને બાદમાં જામીન પર બહાર આવ્યો હતો.

કાળી બેગમાંથી માત્ર કપડાં-ટૂથબ્રશ મળ્યાં

તપાસ દરમિયાન મૃતક વિદેશી નાગરિક પાસે રહેલી કાળી બેગમાંથી માત્ર પેન્ટ, શર્ટ અને ટુથબ્રશ જેવી રોજિંદા વપરાશની વસ્તુઓ જ મળી આવી છે. જોકે, તેનો મોબાઈલ લોક હોવાના કારણે અનેક મહત્વની વિગતો મેળવવામાં મુશ્કેલી પડી રહી છે.

એમ્બેસી પાસેથી વિગતો મેળવવા કવાયત

આગળની માહિતી માટે એમ્બેસીનો સંપર્ક સાધવાની સાથે પોલીસે મૃતકના વાલી-વારસોનો સંપર્ક કરવાની પ્રક્રિયા પણ ચાલુ છે. મૃતદેહના પીએમ રિપોર્ટ અને દસ્તાવેજોની ખરાઈ બાદ જ મૃત્યુનું ચોક્કસ કારણ જાણી શકાશે.

આગામી દિવસોમાં મોત માટે જવાબદારી નક્કી કરી કેન્દ્ર સરકારને રિપોર્ટ સોંપાશે

ખાડીપૂરમાં 40 મોત, NDMAની સુરતમાં તપાસ

7 જુલાઈના જળબંબાકાર બાદ પ્રથમ વખત કેન્દ્રની ઉચ્ચસ્તરીય ટીમની સ્થળ તપાસ

ખાડી ઓવરફ્લો, પાણી ભરાવા, મોતથી લઈને સ્થળાંતર સુધીની કડીની તપાસ થઈ

સુરતઃ સુરતમાં 7 જુલાઈએ પડેલા અતિભારે વરસાદ અને ખાડીપૂરમાં આશરે 40 જેટલાં મોત થયાના અહેવાલોના પડઘા બાદ કેન્દ્ર સરકારની નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી (NDMA)ની ઉચ્ચસ્તરીય ટીમ ગુરુવારે સુરત પહોંચી હતી. ટીમે માત્ર પાલિકા તંત્રનું પ્રેઝન્ટેશન સાંભળીને સંતોષ માન્યો ન હતો, પરંતુ પૂરગ્રસ્ત વિસ્તારોમાં સ્થળ પર જઈ સ્થિતિનું ઝીણવટભર્યું નિરીક્ષણ કર્યું હતું. ટીમ દ્વારા એકત્ર કરવામાં આવેલી વિગતોના આધારે રિપોર્ટ તૈયાર થશે અને તે કેન્દ્ર સરકારના મંત્રાલય સમક્ષ રજૂ કરવામાં આવશે.

કેન્દ્રની ટીમની તપાસનો મુખ્ય હેતુ સુરતમાં પૂર જેવી વિકટ સ્થિતિ કેમ સર્જાઈ, ખાડીઓ કેમ ઓવરફ્લો થઈ, પાણી ભરાયા બાદ પરિસ્થિતિ કેટલી ગંભીર બની, જાનહાનિ કેમ થઈ અને આ સમગ્ર ઘટનામાં ક્યાં તંત્રની ભૂલ કે બેદરકારી રહી તે અંગે હકીકતો એકત્ર કરવાનો છે.

મનપાનું પ્રેઝન્ટેશન જોયા બાદ ટીમ સીધી ઘટના સ્થળે પહોંચી

NDMAની ટીમે સુરત મનપાના ઇન્ટિગ્રેટેડ કમાન્ડ એન્ડ કન્ટ્રોલ સેન્ટર ખાતે અધિકારીઓ પાસેથી સમગ્ર ઘટનાની વિગતો મેળવી હતી. મનપા દ્વારા રજૂ કરાયેલા પ્રેઝન્ટેશનમાં પાણી ભરાવાના વિસ્તારો, મીઠી અને ભેદવાડ ખાડીના ઓવરફ્લો, લોકોનું સ્થળાંતર, ફૂડ પેકેટનું વિતરણ તેમજ પૂર બાદ સફાઈ અને રાહત કામગીરીની વિગતો રજૂ કરવામાં આવી હતી. પરંતુ પ્રેઝન્ટેશન પૂરતું માની લીધા વગર ટીમે ત્યારબાદ પૂરગ્રસ્ત વિસ્તારોની પ્રત્યક્ષ મુલાકાત લીધી હતી.

ભેદવાડ ખાડીથી સણિયા હેમાદ સુધી રાઉન્ડ લગાવ્યો

ટીમે પાંડેસરાની ભેદવાડ ખાડી કિનારે આવેલી પ્રેમનગર ઝૂંપડપટ્ટી, આવિર્ભાવ સોસાયટી, સુરત-નવસારી મેઈન રોડ પર પ્રમુખ પાર્ક, પરવટ ખાડી બ્રિજ પાસેનું વામ્બે આવાસ, મિડલ રિંગ રોડ પર ઋષિવિહાર સોસાયટી અને સણિયા હેમાદ વિસ્તારની મુલાકાત લઈને સ્થળ તપાસ દરમિયાન ખાડી ઓવરફ્લો થવાનાં કારણો, પાણી કયા વિસ્તારોમાં ઘૂસ્યું, લોકો પર તેની કેવી અસર થઈ અને તંત્રની રાહત કામગીરી કેવી રહી એ અંગે પૂછપરછ કરવામાં આવી હતી.

‘લોકોએ જાતે જ ઢાંકણાં ખોલ્યાં’: મનપાની રજૂઆત

પૂરના કારણે થયેલા મોત મુદ્દે તપાસ દરમિયાન મનપા દ્વારા એક મહત્ત્વનું કારણ પણ રજૂ કરવામાં આવ્યું હોવાનું જાણવા મળે છે. મનપાના જણાવ્યા મુજબ કેટલાક વિસ્તારોમાં લોકો સ્થળાંતર કરવા તૈયાર થયા નહોતા. પાણી ભરાઈ ગયા બાદ પણ કેટલાક લોકો ઘરની બહાર નીકળ્યા હતા. ઉપરાંત પૂર દરમિયાન કેટલાંક સ્થળોએ ગટરનાં ઢાંકણાં કાઢી નાંખવામાં આવ્યા હોવાની બાબત પણ ટીમ સમક્ષ રજૂ કરવામાં આવી હોવાનું જાણવા મળે છે.

દસ દિ’ની પૂજા બાદ આજે મધરાતથી દશામાની પ્રતિમાઓનું વિસર્જન થશે

મધરાતથી વિવિધ વિસ્તારોમાંથી દશામાની પ્રતિમા સાથેની શોભાયાત્રાઓ નીકળશે

સુરતઃ દસ દિવસ સુધી ભક્તિભાવ અને શ્રદ્ધાપૂર્વક માતા દશામાની પૂજા-આરાધના કર્યા બાદ આવતીકાલે રાત્રે 12 વાગ્યાથી દશામાની પ્રતિમાના વિસર્જનની પ્રક્રિયા શરૂ કરવામાં આવશે. રાત્રિના 12 વાગ્યા બાદ શહેરના વિવિધ વિસ્તારોમાંથી માતાજીની મોટી પ્રતિમાઓને ભક્તો દ્વારા શોભાયાત્રા સાથે વિસર્જન માટે લઈ જવાશે. તાપી નદીના વિવિધ કાંઠાઓ તેમજ દરિયા કિનારે માતાજીની પ્રતિમાઓનું વિસર્જન કરવામાં આવશે. આ પ્રસંગે રાત્રિના સમયે પણ સુરતીલાલાઓ મોટી સંખ્યામાં માતાજીના અંતિમ દર્શન માટે ઉમટી પડવાની શક્યતા છે.

વિસર્જનને લઈને સુરત મનપા દ્વારા કૃત્રિમ તળાવોની પણ વ્યવસ્થા કરવામાં આવી છે,

પ્રતિમાઓના વિસર્જન દરમિયાન વ્યવસ્થા જળવાઈ રહે તે માટે સંબંધિત વિભાગો દ્વારા જરૂરી તૈયારીઓ પૂર્ણ કરવામાં આવી છે. બીજી તરફ, મોટી સંખ્યામાં ભક્તો એકત્ર થવાની શક્યતાને ધ્યાનમાં રાખીને પોલીસ તંત્ર દ્વારા પણ ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવશે. ટ્રાફિક વ્યવસ્થા, સુરક્ષા અને ભીડ નિયંત્રણ માટે પોલીસ કર્મચારીઓ તથા અન્ય સંબંધિત ટીમો તૈનાત રહેશે. વિસર્જન સ્થળોએ ભક્તોને કોઈ મુશ્કેલી ન પડે અને સમગ્ર વિધિ શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થાય તે માટે તંત્ર દ્વારા તકેદારી રાખવામાં આવશે.દસ દિવસ સુધી માતાજીની આરાધનામાં લીન રહેલા ભક્તો આજે શ્રદ્ધા અને ભાવનાથી ‘આવજો મા, ફરી વહેલા આવજો’ની લાગણી સાથે માતા દશામાને વિદાય આપશે. શહેરમાં ભક્તિ, આસ્થા અને શિસ્ત સાથે વિસર્જન સંપન્ન થાય તેવી ભાવના સાથે સુરત તૈયાર છે.

દિલ્હીગેટ ફ્લાયઓવર નીચે પે & પાર્કિંગનો કોન્ટ્રાક્ટ રદ

સ્ટેન્ડિંગ કમિટીમાં નિર્ણય લેવાયો, નવા ટેન્ડર સુધી પાર્કિંગ મફત રહેશે

સુરતઃ દિલ્હીગેટ ફ્લાયઓવર બ્રિજ નીચે કાર્યરત ‘પે એન્ડ પાર્કિંગ’ના કોન્ટ્રાક્ટમાં ગેરકાયદે પ્રવૃત્તિઓ ચાલતી હોવાની ફરિયાદો મળ્યા બાદ સુરત મહાનગરપાલિકા દ્વારા આકરાં પગલાં લેવામાં આવ્યાં છે.

શુક્રવારે મળેલી પાલિકાની સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં તપાસ અહેવાલના આધારે વર્તમાન એજન્સી ‘એઆર એન્ટરપ્રાઇઝ’નો કોન્ટ્રાક્ટ તત્કાળ અસરથી રદ કરવાનો નિર્ણય લેવાયો છે. સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન રાજન પટેલે સ્પષ્ટ કર્યું હતું કે આવી પ્રવૃત્તિઓ ચલાવી લેવાશે નહીં. વધુમાં, આ કોન્ટ્રાક્ટ ઓગસ્ટના અંતમાં પૂર્ણ થતો હોવાથી પાલિકા દ્વારા હાથ ધરાયેલી નવી ટેન્ડર પ્રક્રિયા પણ રદ કરી દેવાઈ છે અને હવે નવેસરથી ટેન્ડર બહાર પાડવામાં આવશે. કોન્ટ્રાક્ટ રદ થવાની સાથે જ સુરત મહાનગરપાલિકાએ શહેરીજનોને મોટી રાહત આપી છે. નવી ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થઈને નવા કોન્ટ્રાક્ટરની વિધિવત નિમણૂક ન થાય ત્યાં સુધી દિલ્હીગેટ ફ્લાયઓવર નીચે વાહનચાલકો માટે પાર્કિંગની સુવિધા સંપૂર્ણપણે નિઃશુલ્ક (વિનામૂલ્યે) રહેશે. પાલિકા દ્વારા આ અંગે દિલ્હીગેટ વિસ્તારમાં પોસ્ટર્સ લગાવીને લોકોને જાણ કરવામાં આવી છે. જેથી કોઈ તેમની પાસેથી ગેરકાયદેરીતે પાર્કિંગ ફી વસૂલી ન શકે. જોકે,, મનપાએ મોનિટરિંગ કરવું જ પડશે.

ઘર અકબંધ, તિજોરી સલામત પણ ૭.૯૪ લાખના દાગીના ચોરાઈ ગયા!

અમરોલીમાં રહેતા પ્રિન્ટિંગ પ્રેસના સંચાલકના ઘરમાંથી ચોરી, ચોર જાણભેદુ હોવાની આશંકા

સુરતઃઅમરોલી વિસ્તારમાં રહેતા એક પ્રિન્ટિંગ પ્રેસના સંચાલકના ઘરમાંથી લાખો રૂપિયાના સોના-ચાંદીના દાગીનાની ચોરી થતા ચકચાર મચી જવા પામી છે.

અમરોલીની શિરડીધામ સોસાયટીના શુભમ એપાર્ટમેન્ટમાં રહેતા અને સૈયદપુરા વિસ્તારમાં પ્રિન્ટિંગ પ્રેસ ચલાવતા સોનુ જગુવીર સિંધના તા. ૯ ઓગસ્ટના રોજ પોતાના કામ પર ગયા હતા. તે દરમિયાન બપોરે તેમની પત્ની વર્ષાનો ફોન આવ્યો હતો અને તેમણે ગભરાયેલા અવાજે જણાવ્યું હતું કે, ઘરમાં રાખેલી તિજોરીમાંથી દાગીના ગાયબ છે. ફરિયાદીએ ઘરે આવીને તપાસ કરતા તિજોરીના લોકરમાં રાખેલા કિંમતી દાગીના મળી આવ્યા ન હતા.આ ચોરીની સૌથી ચોંકાવનારી બાબત એ છે કે ઘરના મુખ્ય દરવાજા કે તિજોરીનું લોક તોડવામાં આવ્યું ન હતું. ફરિયાદીએ પોલીસને જણાવ્યું હતું કે તા. ૨૬ મે, ૨૦૨૬ ના રોજ તેમણે દાગીના તિજોરીમાં સુરક્ષિત રાખ્યા હતા. તિજોરી સલામત હોવાથી અને કોઈ પણ પ્રકારના તોડફોડના નિશાન ન મળતા પરિવાર શરૂઆતમાં મૂંઝવણમાં હતો અને કોઈ પર શંકા ન હોવાથી ફરિયાદ કરવામાં વિલંબ થયો હતો. બાદમાં પરિવારના વડીલો સાથે ચર્ચા કર્યા બાદ તેમણે પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. તસ્કરોએ સોનાની ચેઈન, બે જોડી કડીઓ, બે જોડી બુટ્ટી, બે સોનાની વીંટી, બાળકોના ગળાનું ઓમ, લોકેટ, કંઠી અને ચાંદીની પાયલ સહિત કુલ રૂ. ૭,૯૪,૩૦૦ ના દાગીના પર હાથ સાફ કર્યો છે.આ મામલે પોલીસે અજાણ્યા ઈસમ વિરુદ્ધ ચોરીનો ગુનો નોંધીને તપાસ શરૂ કરી છે.